# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૧ • સળંગ અંક : ૧૨૪ • તા.૨૪ ઓક્ટોબર થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# અત્યાધુનિક ડિજીટલ મિડીયા સાથે

# જ્ઞાતિમૈયા

## આ અંક સાથે આપ

# લાઈવ વિડીયો

## પેજ નં.૧૨ અને ૧૪ પરનું ક્લીક બટન દબાવો

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૨૪ ● તા.૨૪ ઓક્ટોબર થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## મુંબઈ મહાનગરપાલિકામાં ટોપ પર્ફોમરમાં સ્થાન મેળવનાર નગરસેવિકા

# નેહલબેન અમર ખોના


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494

# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ

ધર્મશાસ્ત્રો કહે છે કે શુભનું ચિંતવન કરો. સારું બોલો, સારું સાંભળો અને સારું કાર્ય. થાય એવું નજર સમક્ષ રાખો તો આપો આપ સારું, શુભ થાય છે. તો આપણે કલ્પીએ તેવું જરૂર થાય. જેવું આપણે ઈચ્છીએ એવું પામીએ છીએ. વસ્તુ પ્રાપ્તિ હોય કે કોઈ વસ્તુનો અભાવ હોય. બંન્ને પરિસ્થિતિમાં સમાન ભાવ રાખો. આત્મસંતોષ એ મોટી મનની મોટી ઉપલબ્ધિ છે. સુખ હોય કે દુ:ખની ઘડી સમભાવ રાખીએ તો જે કપરો સમય હોય એ પણ આસાનીથી વિતી જાય છે. ક્યારે સમય, ઘડી પસાર થઈ ગઈ એની ગત પડતી નથી. અન્યો તરફ નજર રાખી જીવવાથી માત્ર અસંતોષ અસુયા પ્રાપ્ત થાય છે આત્મસંતોષ મળતો નથી. આપણી પરિસ્થિતિ આપણી પોતાની છે. જેને કેવી રીતે જીવવી એ આપણો પોતાનો અધિકાર છે. આપણા સંજોગો, આપણો સારો નરસો સમય અન્યોને માટે કંઈ લેવા દેવાનો હક આપતો નથી. એવી જ રીતે બીજાઓ કઈ રીતે જીવે, કઈ રીતે રહે જીવન પસાર કરે એ તેમનો આગવો અધિકાર છે. દરેક એ પોતપોતાની મરજીથી, પોતાની સાન, ભાન અને સમજણથી જ જીવતો હોય છે. બીજાની ચિતા કરવી એ આપણી ચિંતા તૈયાર કરવા જેવી વ્યવસ્થા છે.

આપણે આપણી રીતે જીવીએ બીજાની ચિંતા, ફિકર કરવાની જરૂર નથી. લોકો શું કહેશે, શું માનશે એની ફિકર કરવા કરતાં આપણને અનુકૂળ લાગે એ રીતે જીવીએ. આપણા સુખનો, આનંદનો ખ્યાલ રાખીએ તો આખરે જીવનનો આનંદ જરૂરથી માણી શકીએ. દંભ અને દેખાવ એ તો માણસ માત્રના મુખવટા છે. આ મુખવટા હટાવી દઈએ તો કશું છુપાવવાનું ન રહે.

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ. જેવી આપણી નજર એવા દ્રશ્ય આપણને દેખાવવાના છે. જગતમાં બધું શુભ અને સુખમય સારું રહે જો આપણે એવા હોઈએ. આપણા વિચાર સારું જોવાના હોય તો દરેકે દરેક પ્રસંગ સારા પસાર થવાના છે. આપણી નજર જો સારું જોવાની ટેવાયેલી ન હોય તો કશું સારું દેખાશે નહીં. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. સર્વ ગુણ સંપન્ન નથી. દરેક વસ્તુ કે વ્યક્તિના બે પાસા હોવાના. ગમે તેવો સારો માણસ હોય તેનામાં કંઈક તો સારું હોવાનું જ અને ગમે તેટલો સારો વ્યક્તિ હોય તેના સ્વભાવમાં, વિચારોમાં આચાર કે વ્યવહારમાં કાંઈ દોષ કે ખામી હોવાની. કોઈનામાં સારું જોવાની આપણી આદત હશે તો ગમે તેવા કાદવ કે કીચડમાં કમળ મળી જાય એમ અતિ અધમ વ્યક્તિમાં પણ સારપ મળવાની સારું શોધનારને સારું જ મળશે કોઈની ખરાબી નજરે નહીં જ આવે.

કેટલી વ્યક્તિઓનું ઊંડાણ જ એવું હોય છે જે બીજાના ગુણને જોઈ શકતા નથી. તેને માત્ર ને માત્ર અવગુણ જ દેખાતા હોય છે. બીજાઓની ભૂલો, ક્ષતિઓ અને ઉણપો જલદી નજરે પડે છે. આપણે જેવા હોઈએ તેવા બીજાને જોઈ શકીએ છીએ. આપણે આપણો સ્વભાવ સુધારી લઈએ તો કશી મુશ્કેલી નથી. આપણા મન અને સ્વભાવ પર સુખ, દુ:ખનો આધાર છે. સમય કેવો હોય કોઈ વ્યક્તિ પર નિર્ભર નથી. દુ:ખ આપણું પોતાનું સર્જન છે. કષ્ટ શારીરિક છે જ્યારે દુ:ખ માનસિક અવસ્થા છે. એટલે કેવી સૃષ્ટિ આપણને જોવા મળશે એ આપણી દ્રષ્ટિ નક્કી કરે છે.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# અહિંસા પરમો ધર્મ

અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. પ્રેમ હોય, લાગણી ભાવ હોય ત્યાં હિંસા સંભવ નથી. નાના કે મોટા જીવ પ્રત્યે હિંસાની લાગણી થવી એ એક પાપાચાર છે. અહિંસાનો બહોળો અર્થ એ છે કે કોઈને દુ:ખ અપાય નહીં, કોઈની પર આધિપત્ય જમાવાય નહીં અને કોઈનું શારિરીક, માનસિક શોષણ પણ ન થાય. અહિંસાનો આ સિધ્ધાંત સાચી અર્થપૂર્ણ સમાનતા દર્શાવે છે. જૈન ધર્મમાં સાત્વિક અને સંયમપૂર્વક જીવન જીવવાનો સંદેશો અપાયો છે જેથી શક્ય તેટલી હિંસા ઓછી થાય.

જૈન ધર્મ અને સાથો સાથ અન્ય ધર્મોમાં પણ અહિંસાને મહત્વ અપાયું છે. પણ જૈન ધર્મમાં અહિંસા પાળવાનો બોધ માત્ર નથી પણ કેવી રીતે એને પાળી શકાય તેના આદર્શ જ્ઞાન અને સમજ અપાયા છે. નિયમો દર્શાવાયા છે. અહિંસા માત્ર ખાનપાનના નિયમોથી પાળી શકાતી નથી પણ અહિંસા દયા અને કરૂણા અંતરમાંથી ઊદભવી જોઈએ. કોઈનું દુ:ખ, પીડા, યાતના કે કષ્ટ જોઈને કે કલ્પીને હૃદય દ્રવી ઊઠવું જોઈએ. જાણે અજાણ્યે એવી ચીજોથી કે એવા સાધનોને વિચારોથી દૂર રહેવું જોઈએ. જેમાં કોઈ જીવની હિંસા હોય કે શોષણ થતું હોય, થવાનું હોય.

આપણે કેવું જીવન જીવીએ છીએ તે મહત્વનું છે કેટલું લાંબુ જીવીએ છીએ તે નહીં. આ પૃથ્વી જ સ્વર્ગ છે. આપણાં હિંસક કર્મો જ તેને નરક બનાવી દીધેલ છે. ઈશ્વરની ભાષા પ્રેમ છે અને પ્રેમ એ પરમાત્મા છે. ફક્ત અહિંસા દ્વારા જ આપણે પ્રેમનો અનુભવ કરી શકીએ છીએ. પ્રેમ હોય તો ત્યાં હિંસા સંભવિત નથી. તમામ નાના મોટા જીવો પ્રત્યે આત્મભાવ રાખો એ ઉચ્ચ માનવ ધર્મ છે. માટે જ અહિંસા એ જ પરમો ધર્મ છે. એ જ માનવ ધર્મ છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)



## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુંબઈ મહાનગરપાલિકામાં ટોપ પર્ફોમરમાં સ્થાન મેળવનાર નગરસેવિકા નેહલબેન અમર ખોના (શાહ)



પ્રજા ફાઉન્ડેશન દર વર્ષે મહાનગરપાલિકાના બધા જ કોર્પોરેટરોની કામગીરીને લગતા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને દરેકને ગ્રેડ આપે છે. આ વખતે જે કોર્પોરેટરને ટોપ પરફોર્મર તરીકે બીજા ક્રમાંકે જાહેર કર્યા છે તે આપણા કે.ડી.ઓ. જ્ઞાતિના નેહલ અમર ખોના (શાહ)-માટુંગા છે. નગરસેવક કે નગરસેવિકા લોકોના પ્રશ્નો ઉકેલવામાં કેટલા સક્રિય છે. ગૃહમાં હાજરી, ગૃહમાં કરેલા મહત્વના સવાલોની સંખ્યા અને ક્રિમિનલ રેકોર્ડને સર્વેક્ષણમાં ધ્યાને લેવાય છે. આવું સર્વેક્ષણ દર વર્ષે કરવામાં આવે છે. કરાયેલી કામગીરી પરથી ગ્રેડ સ્કોર (ટકા), રેન્ક આપવામાં આવે છે. કે.ડી.ઓ માટે ગૌરવ લેવા જેવું છે કે ૨૨૭ કુલ તો નેહલ અમર ખોના (શાહ)ને એ ગ્રેડ, ૮૦.૦૩ ટકા અને દ્વિતીય રેન્ક આપી છે. મહાનગરપાલિકામાં પ્રથમવાર કચ્છી કોર્પોરેટરે આવું સન્માન મેળવ્યું છે.

માટુંગાના વોર્ડ નં.૧૭૭ના કોર્પોરેટર નેહલ અમર ખોના (શાહ) કાર્યશીલ નગરસેવિકા તરીકેની છાપ ધરાવે છે. માટુંગામાં જૂની ભાડૂઆતની બિલ્ડિંગો ઘણી છે. રિપેર શેષ ભરતી હોય તેવી બિલ્ડિંગોના ડ્રેનેજ અને કમ્પાઉન્ડના કામ કરવાના હોય છે. તેમણે આ કાર્ય ઉપરાંત ડસ્ટબીન આપવી, ગરીબ વસ્તીમાં પાણી જોડાણ અને પાણીની પાઈપલાઈન કરી આપવી નવા ટોયલેટ બાંધવા જેવા અત્યંત જરૂરી કાર્યો ફંડમાંથી કર્યા છે. ફૂટપાથ રોડના કામો કરાવ્યાં છે.

હાલમાં કોરોના મહામારીના સમયમાં સાડા ચાર હજાર ગરીબ પરિવારોને દોઢ-દોઢ મહિનાની રાશનકિટ વહેંચી. માસ્ક અને સેનિટાઈઝર બધા લોકોને આપ્યા. રોડ અને ગાર્ડનના કામો કર્યા. વોર્ડના નાગરિકોને કોઈપણ સમયે ફોન પર ઉપલબ્ધ રહે છે અને સમસ્યા ઉકેલે છે. તેઓ મૂળ કચ્છના કચ્છી દશા ઓશવાળ પરિવારમાં પરણ્યાં છે. અમર ભરત શાહ-ખોના મૂળ સાંધવ (અબડાસા)ના વતની છે.

## નગરસેવિકા નેહલ ખોનાની જ્ઞાતિમૈયા સાથે વિશેષ મુલાકાત

મૂળ સાંધવ હાલે દાદર ઈસ્ટમાં રહેતા નેહલ અમર શાહ-ખોના તેમની નગરસેવિકા તરીકેની પ્રથમ ટર્મમાં જ મુંબઈ મહાનગરપાલિકાના કુલ્લ ૨૨૭ નગરસેવક છે. જે કુલ્લ ૩ રાજકીય પક્ષના છે. આમાંનું કાર્ય વિશ્લેણ કરી એક એનજીઓ પ્રજા ફાઉન્ડેશન એ ત્રણ નગરસેવકનો બેસ્ટ પર્ફોમર તરીકે જાહેર કર્યા છે. જેમાંના તેઓ એક છે કેડીઓ જ્ઞાતિના નેહલ અમર શાહ-ખોના જે માટુંગા (ઈસ્ટ) વિસ્તાર જે વોર્ડ ક્રમાંક ૧૭૭માં આવરી લેવાયેલ છે. તેનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ વર્ષ ૨૦૧૭માં ભાજપાની ટિકીટ પરથી ચૂંટાઈ આવ્યા છે અને તેમની આ પહેલી ટર્મમાં જ કાર્યદક્ષતા સમયબધ્ધતા અને ફરજ પ્રતિબધ્ધતાથી આ યાદીમાં જગ્યા બનાવી છે. જે આપણી માટે ગૌરવજનક છે.

આ યાદીમાં સન્માન ભર્યું સ્થાન મેળવવા બદલ તેમને જ્ઞાતિ સમાજ વતી અભિનંદન આપી મનિષા લાલકાએ તેમની રાજકીય કારકીર્દિ જીવનના વિચારો જાણ્યા, જે અત્રે પ્રસ્તુત છે.

**મનિષા લાલકા :** નેહલબેન, હું મનિષા લાલકા સમસ્ત મહાજનની મિડીયા કમિટીના 'જ્ઞાતિમૈયા' ઈ-મેગેઝીન તરફથી સૌ જ્ઞાતિજનો તરફથી આપે સન્માન ભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે બદલ અભિનંદન આપું છું તથા આ પ્રારંભિક પ્રથમ ટર્મ છતાં તમો જે સેવા લગનથી જનસેવા જન કલ્યાણ પ્રત્યે પ્રતિબધ્ધ છો જે આગળ જતાં ઉજ્જવળ કારકિર્દી જાળવી રાખી વધુને વધુ સિધ્ધિ મેળવો એ માટે સૌ જ્ઞાતિજનો તરફથી શુભેચ્છા પણ આપું છું.

**નેહલ ખોના :** આપનો, આપ સૌને આભાર વ્યક્ત કરું છું.

**મનિષા લાલકા :** સમસ્ત સમાજના કાર્યો માટે ખાસ કરીને તમે જેમના પ્રતિનિધિ તરીકે સ્થાનિક તંત્રના ચૂંટાયેલા

# મુંબઈ મહાનગરપાલિકામાં ટોપ પર્ફોમરમાં સ્થાન મેળવનાર નગરસેવિકા નેહલબેન અમર ખોના (શાહ)

પ્રતિનિધિ તરીકે છો ત્યારે તમારી પ્રથમ ફરજે એ વોર્ડ વિસ્તારની પ્રજા માટે જ હોય એ દેખીતું છે તે છતાં સમયાંતરે તમે જે જ્ઞાતિ સમાજ કે ન્યાત પરિવારના સભ્ય છો તેમને કાજે પણ કે આપણી કોમ્યુનિટીને ઉપયોગ થાય, લાભપ્રદ થાય એવા કાર્યક્રમો તમે કર્યા છે ખરા? કે ભવિષ્યમાં કરવાનો વિચાર છે?



**નેહલ ખોના :** હા, મારો એવો સતત પ્રયાસ રહ્યો છે કે જ્ઞાતિ સમાજને જ્યારે મારી જરૂર હોય ત્યારે હુ કટિબધ્ધ છું અને મારી સેવાનો લાભ જ્ઞાતિને મળે એવા સતત પ્રયાસમાં જ રહું છું. હાલના ટૂંક સમય ગાળામાં આપણી જ્ઞાતિને ઉપયોગી થાય એવા કાર્યક્રમો જે કર્યા છે એમાં માટુંગામાંથી કાર્યરત કેડીઓ મિડ ટાઉનના નેજા હેઠળ નારણજી શામજીવાડીમાં એક કાર્યક્રમ કર્યો હતો. જેમાં ૨૫૦થી ૩૦૦ જણ ઉપસ્થિત રહ્યાં હતા. આમાં સ્પેશિયલ માયનોરીટી કોમ્યુનિટી માટે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ કે લોન મળે છે એની માટે માર્ગદર્શન આપવા આ કાર્યક્રમ રખાયો હતો.



બીજો સુકન્યા યોજના કે કુમારીકાઓ માટે ગર્વમેન્ટની યોજના છે તેમાં એન્રોલમેન્ટ કરવો તથા પેન્શન યોજના વગેરે છે જેનો લાભ નાનાથી નાના વ્યક્તિને મળી શકે એમ હોવા છતાં જ્ઞાન, સમજ અને ખબરના અભાવે એની પૂરીપૂરી માહિતી ન હોવાતા તેનો કોઈ લાભ લેતા નથી કેવી રીતે તેનું રજીસ્ટ્રેશન કરવું એની વિગત માહિતી માર્ગદર્શનનો સેમિનાર યોજ્યો હતો. આ સેમિનારમાં ખમ્માબેન, ડૉ. મીરાબેન ધરમશી, સુશિલાબેન વગેરે હતા.

આ ઉપરાંત ઘાટકોપરની વીએલવીજીમાં યુ.પી.એસ.એકઝામની તૈયારીઓનું માર્ગદર્શન મળે એ માટે એ વિષયના એક્ષ્પર્ટ આઈએએસ પ્રિયેશ ભેદા તથા અન્ય વક્તાઓનો માર્ગદર્શન સેમિનાર યોજ્યો હતો જેનો લાભ ઘણાબધા વિદ્યાર્થીઓએ લીધો હતો.

સ્ત્રી સંઘ સાથે ટ્રી પ્લાન્ટેશનનો કાર્યક્રમ પણ રાખેલ. આમ નાના મોટા કાર્યક્રમ થતાં જ રહે છે. પણ મારી તો સદૈવ એ કટિબધ્ધતા રહી છે કે જ્યારે જ્યારે મારી જરૂરિયાત આપણી જ્ઞાતિને પડશે હું સતત જ્ઞાતિની સાથે ને સાથે જ છું અને સાથે રહીશ એ વિશ્વાસ આપું છું.

**મનિષા લાલકા :** બહેન, મારો સવાલ એ છે કે તમે જાહેર જીવનમાં પગરણ કર્યે કેટલા વર્ષ થયા.

**નેહલ શાહ :** લગભગ ૧૫-૨૦ વરસ થયા.

**મનિષા લાલકા :** આ ક્ષેત્રે જોડાવવા તમને કોણે પ્રેરણા આપી અથવા કોના દ્વારા પ્રેરિત થઈ તમે જાહેર જીવનમાં લોકોની સેવા કરવાનું સ્વીકાર્યું?

**નેહલ ખોના :** સમાજસેવાની ભાવનાએ મારી અંતરની પ્રેરણાથી થઈ. જ્યારે એક તબક્કે મને લાગ્યું કે આપણે કોઈપણ પ્રકારે અન્યને ઉપયોગી થઈ શકીએ. માનવ તરીકે આપણી ફરજ છે કે આપણે નાની વ્યક્તિઓને, જરૂરતમંદોની સહાય કરવી જોઈએ, મદદરૂપ થવું જોઈએ. આપણે સમાજને ઉપયોગી થઈ વળતર દેવું જોઈએ એ વિચારે માટુંગામાં એક સેવા સંસ્થા સામે ૨૦ વર્ષ અગાઉ હું જોડાઈ.

# મુંબઈ મહાનગરપાલિકામાં ટોપ પર્ફોમરમાં સ્થાન મેળવનાર નગરસેવિકા નેહલબેન અમર ખોના (શાહ)



**મનિષા લાલકા :** તમે તમારા વિચાર પ્રેરણાથી શરૂઆત કરી પણ તમને કોણે મોટીવેટ કર્યા કે તમારા બૅકબોન બન્યા જેમના સપોર્ટને લીધે આ ક્ષેત્રે આગળ વધવાની હિંમત મળી.

**નેહલ ખોના :** મારા પતિ ચોક્કસ બૅકબોન તરીકે રહ્યાં છે. તેમનો સો ટકા સાથ મળેલ છે. તે ઉપરાંત મારો પુત્ર આજે ભલે ૧૪ વર્ષની વયનો છે. જ્યારે નાનો હતો ત્યારથી તેણે મારા કાર્યમાં અવરોધરૂપ થયો નથી. તે ઉપરાંત મારા ઈન્લોઝનો પણ સતત સાથ મળ્યો હોવાને લીધે હું નિશ્ચિતપણે આગળ વધી શકી. મારા બંન્ને પક્ષના પેરેન્ટસનો સહકાર નિશ્ચિતરૂપે મળ્યો. માટુંગામાં જે એનજીઓ સાથે હું સંકળાયેલી છું. તેમાં મારી સમેત પાંચ ટ્રસ્ટી છીએ. મારા સિવાય બાકીના ચાર જેન્ટસ છે જેઓ પોતપોતાના બિઝનેસને લીધે રોકાયેલા હોવાને લીધે મને વધુ ધ્યાન આપવું પડે. જ્યારે ૨૦૧૨માં આ વોર્ડ મહિલા અનામત તરીકે રીઝર્વડ થયો ત્યારે મારા સાથી ટ્રસ્ટીઓ મને ચૂંટણી લડવા પ્રોત્સાહિત કરી. ત્યારે આવી રીતે જાહેર જીવનમાં આવવાનો ખ્યાલ પણ થયો ન હતો પણ ચોક્કસ તેમણે સૌએ આ રીતે આગળ વધવા મને પ્રેરિત કર્યા હતા. ભલે એ વર્ષની ચૂંટણીમાં હું જીતી શકી નહીં અપક્ષ ઉમેદવાર તરીકે તે છતાં એનું સુખદ રીઝલ્ટ ૨૦૧૭માં ચોક્કસ મળ્યું. જ્યારે ભાજપ તરફથી મને ટિકીટ મળી અને હું વિજેતા થઈ.

**મનિષા લાલકા :** આ વખતની તમારી ટર્મ સફળતાપૂર્વક પૂર્ણ થશે ત્યારે બીજી વખત પણ તમે જનતાના પ્રતિનિધિ થવા ચૂંટણી લડશો? તમે જે વિચારને આગળ વધારવા આ ક્ષેત્રમાં આવ્યા તે ખરેખર થઈ શકે છે ખરું?

**નેહલ ખોના :** સોશ્યલ વર્ક વ્યક્તિગત કરતા હોઈએ ત્યારે અમુક મર્યાદા હોય છે. એ વખતે અમુક જણ સુધી પહોંચી શકાય છે પણ કોઈ મહત્વના પદ ઉપર હોઈએ ત્યારે પાવર મળે સાથે જવાબદારી પણ વધે છે અને વધુનેવધુ લોકો સુધી પહોંચી શકાય છે. મારા ક્ષેત્રના નાગરિકો ઉપરાંત સમાજના લોકોને પણ અલગ અલગ રીતે મદદરૂપ થઈ શકીએ છીએ. આજુબાજુના વોર્ડ કે મુંબઈના કોઈ પણ વિસ્તારના લોકોને મદદ પહોંચાડી શકવા નિમિત બની શકીએ છીએ અને આપણી સાચા દિલની ભાવના હોય તો વધુને વધુ લોકો સુધી મદદ પહોંચાડી શકીએ છીએ.

**મનિષા લાલકા :** આ કોરોના કાળનો કપરો સમય આવી પડ્યો એમાં તમે સુધરાઈ તંત્રે સાથે રહી તમે જરૂરતમંદ લોકોને કંઈ રીતે કેવી રીતે મદદરૂપ થઈ શક્યા?

**નેહલ ખોના :** શરૂઆતનો સમય બધાને માટે ચિંતાપૂર્ણ રહ્યું નવો રોગ હતો અને એની અસર કેટલી કેવી થશે એની કોઈ કલ્પના કે અનુભવ પણ ન હતો. કોઈને પણ જ્યારે જ્યારે કોઈ પેશન્ટ રોગગ્રસ્ત થાય, તેની કંઈ જરૂરિયાત માટે ફોન કોલ આવે તેને બધી રીતે મદદરૂપ થવા પ્રયત્ન કર્યા તેમનું કાઉન્સિલિંગ કરી તેની મનોવ્યથા દૂર થાય એવા પ્રયત્નો કર્યા. તેઓને હોસ્પિટલમાં એડમિશન લેવું હોય, વિગેરે બાબતો હલ કરી શરૂઆત સેનિટાઈઝેનથી કરી એપ્રિલ માસનું બીજા લોકડાઉન સમયે લોકોને જમવાના વાંધા પડવા લાગ્યા ત્યારે રોજના બે હજાર ફૂડ પેકેટ બનાવી જરૂરિયાતવાળાઓ, રોજ કમાઈ રોજ ખાનારા વર્ગની રોજગારી બંધ થઈ જવાને લીધે તકલીફમાં મૂકાયા એ સૌને માટે આ સુવિધા પૂરી પાડી. બિલ્ડીંગ કન્સ્ટ્રેક્શન સાઈટના વર્કરો તથા સ્લમ વિસ્તારના ચાર હજાર જેટલા લોકોને દોઢ માસ ચાલે એટલી ફૂડ કીટનું વિતરણ કર્યું હતું. રોજે રોજ શાકભાજી પૂરા પાડ્યા. તો સોસાયટીના લોકોને કોમ્પલેક્ષની બહાર ખરીદી માટે જવું ન પડે એ માટે વેજીટેબલ વિક્રેતાઓની સુવિધા કરી આપી. કોઈને દવાની જરૂરિયાત હોય, સિનિયર સિટીઝનની અન્ય કંઈ જરૂરિયાત હોય, ઘરમાં કોઈ ન હોય ત્યારે તેમને જોઈતી વસ્તુઓ પૂરી પાડી આવી નાની મોટી જરૂરિયાતો લોકોને પહોંચાડી શક્યા.

# મુંબઈ મહાનગરપાલિકામાં ટોપ પર્ફોમરમાં સ્થાન મેળવનાર નગરસેવિકા નેહલબેન અમર ખોના (શાહ)



**મનિષા લાલકા :** તમારા વોર્ડમાં નાગરિક સુવિધાના કાર્યો, કે તેની પ્રગતિ વિષે શું કાર્ય થયું છે, કેટલું થયું છે એ વિષે કંઈ માહિતી આપશો?

**નેહલ ખોના :** મહાનગરપાલિકા તરફથી દરેક નગરસેવકોને દર વર્ષે અમુક ફંડ મળતું હોય છે. જેનો ઉપયોગ અમારા વોર્ડમાં નાગરિકોની વધારે સુવિધા કરી શકીએ એવા પ્રોજેક્ટ અમે કરી શકીએ છીએ. દર વર્ષે એપ્રિલ માસમાં નવું ફંડ આવે ગયા વરસના કામો હાથ ધરયા એ માર્ચ માસમાં પૂરા થઈ ગયા. ત્યાર પછી કોરોનાનો સમયગાળો આવ્યો. જેને લીધે સળંગ ચાર માસ લોકડાઉન હતું. એટલે નવા વર્ષનું ફંડ હવે રીલિઝ થાય છે. વરસાદની સિઝનમાં કઈ કામ ન થાય એટલે ઓક્ટોબર માસની શરૂઆતમાં વિવિધ કામોનું ભૂમિપજન થયેલ છે. જૂના ભાડાના બિલ્ડીંગ હોય, જેને પાઘડીના રૂમો કહીએ એવા બિલ્ડીંગોના ગ્રાઉન્ડ ફ્લોર તેના ડ્રેનેજ પાઈપો જર્જરિત થયા હોય તે બદલી ગ્રાઉન્ડનું લેવલીંગ કરી આપવા જેવા કામો કરી આપીએ, ગાર્ડનમાં કંઈ સુવિધા ઊભી કરવી હોય, બિલ્ડીંગમાં સિનિયર સિટિઝનો માટે બેન્ચીસ મૂકાવી હોય, ફૂટપાથ રીપેરીંગના કામ, પેવર બ્લોક લેવલીંગ વગેરે કામો હવે જરૂરત હશે ત્યાં શરૂ થશે. એટલે જેવી રીતે વોર્ડમાં નાગરિકોને સુવિધાઓની જરૂરિયાત રહે એવી રીતે એ કાર્ય કરવા પડે છે.

**મનિષા લાલકા :** બહેન તમે તમારા વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યા. તમારા જાહેરજીવન સેવાક્ષેત્રની ઉપયોગી જાણકારી આપી. આપનો આભાર અને તમારી ઉજ્વળ કારર્કિદીની શુભેચ્છા.

**નેહલ ખોના :** આપનો પણ ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.




# હર્ષાબેન નાગડા રચિત 'હર્ષમન' ગહુલી પુસ્તિકાનું વિમોચન લેખિકાના ૫૦મા જન્મવર્ષ પ્રવેશ પ્રસંગે કરાયું





ગામ તેરા હાલે ખામગામના હર્ષાબેન મનોજભાઈ નાગડા દ્વારા લોકડાઉનના સમયકાળનો સદ્‌ઉપયોગ કરી તેઓએ સિધ્ધ હસ્ત આર્ટ એવી ગહુલી રચનાનો પુસ્તક સંકલિત કર્યો છે. જેનું વિમોચન તા.૨૧ ઓક્ટોબર બુધવાર દિને શેગાંવ ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છના સાધ્વીજી ભગવંત પ.પૂ.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૫૦ મા વર્ષ પ્રવેશ પ્રસંગે અને પુસ્તક સર્જક અને ગહુલી આર્ટમાં માસ્ટરી ધરાવતા સૌ. હર્ષાબેન મનોજભાઈ નાગડાના સુવર્ણ જન્મ વર્ષ પ્રવેશ પ્રસંગ અવસરે ઉજવણીના ઉપલક્ષમાં 'હર્ષમન' ગહુલી પુસ્તિકાનું વિમોચન કરાયું.



આ અવસરે ખામગામ તેમજ શેગાંવ સંઘના ટ્રસ્ટ મંડળ તેમજ ક.દ.ઓ. જૈન મહાજન ખામગામના શ્રેષ્ઠીજનો, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રીમતી હર્ષાબેન મનોજભાઈ નાગડા લોકડાઉનના સમયમાં નાના, મોટા સૌ કોઈ બાળકો, મહિલાઓ અને પુરૂષોને નવરાશનો સમય મળ્યો ત્યારે પ્રત્યેકને કંઈ નવું શીખવા મળે સાથો સાથ ધર્મભાવની લાગણી કેળવાય એ માટે ઓનલાઈન નિ:શુલ્ક ગહુલી ડિઝાઈન શીખવવાના ક્લાસીસ વોટસ અપ, ફેસબુક અને યુટ્યૂબ પર ચલાવ્યા હતા. જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. માત્ર ખાનદેશ, મહારાષ્ટ્ર રાજ્ય નહિં પણ કચ્છ, ગુજરાત સાથે સમગ્ર દેશભરના જૈન ધર્મના દરેક વયના સૌએ હોંશે હોંશે ભાગ લીધો હતો. ગહુલી કલાનું જ્ઞાન મેળવી કાબેલિયત મેળવી હતી.

જૈન ધર્મ ગહુલી રચનામાં સિધ્ધશિલ્પ, ચંદ્રમાકાર, દર્શન જ્ઞાન, ચરિત્ર અને અક્ષત નંદાવત સ્વસ્તિક ગહુલી બનાવવાની વિધિથી ધર્મ આરાધના કરાય છે. ખામગામ સંઘ આ પુસ્તકના પ્રકાશનને આવકારે છે અને આશા રાખે છે કે જૈનિઝમનો પ્રસાર આ પુસ્તક દ્વારા ઉત્તમ રીતે થશે. સાથો સાથ પુસ્તક રચયિતા હર્ષાબેન નાગડાને અભિનંદન આપે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# દીપક ડાઘાની શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ સંઘ જૈન સંઘમાં ટ્રસ્ટી પદે નિમણુંક



વરાડીયાના જાણીતા સામાજિક કાર્યકર શ્રી દીપક ગંગાજર ડાઘાની તા. ૧૭-૧૦-૨૦૨૦થી મુલુંડ વેસ્ટના શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ સંઘ જૈન સંઘના ટ્રસ્ટી પદે સર્વાનુમતે નિમણુંક થઈ છે. એમને ખુબ ખુબ અભિનંદન. દીપકભાઈ શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. કે.ડી.ઓ.વેલ્ફેર એસોસિયેશનના ઉપપ્રમુખ છે તથા મુલુંડની મહાવીર રેસીડેનશી કો.ઑ. હાઉસીંગ સોસાયટીના ટ્રેઝરર છે.

# ભાંડુપ સંઘમાં પ.પૂ.સાધ્વીજી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ





શ્રી ક.દ.ઓ.જૈન ભાંડુપ સંઘમાં પ.પૂ.સાધ્વીજી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે અને પ.પૂ.સાધ્વીશ્રી તપોગુણાશ્રીજી મ.સા.ની ૨૮ દિવસની આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે સવારના વર્ધમાન શક્રસ્તવ દ્વારા અખંડ ધારા અભિષેક, સમૂહ સ્નાત્ર અને બપોરના મહાકાળી માતાજી ભાવના સાથે ધામધૂમથી ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ. જેનો લાભ સંઘના શ્રાવક શ્રાવિકોઓએ લીધો હતો.

# શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ૨૬મા વરસની નવરાત્રિ ભાવના ભવ્યતાથી થઈ

તા.૧૯ ઓક્ટોબર સોમવારના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા દર વરસે થતી નવરાત્રિ ભાવનાનો ૨૬મા વર્ષના ત્રીજા દિવસે રાત્રે ૧૦ કલાકે ક.દ.ઓ. જ્ઞાતિની કુળઅધિષ્ઠિકા દેવી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના યોજાઈ. જેનું યુટ્યુબ પર ઓનલાઈન પ્રક્ષેપણ કરાયું. જેનો લાભ લઈ સહુ ઘરમાં રહી મહાકાળી માતાજીની સમક્ષ દીવાબતી કરી રાસ ગરબાના તાલે સૌ રમ્યા હતા. સવા કલાકની આ ભક્તિ ભાવના આરાધનાનો લાભ યુટ્યૂબ લીંક https://youtu.be/_JGMX5MhaX8 પરથી લઈ શકાશે.

# હોલીવુડમાં પોતાની પ્રતિભા ઝળકાવવા સજ્જ નિતેશ નાગડા






બોલીવુડ મહેંદી ક્વીન વીણા નાગડાના પુત્ર નિતેશ નાગડા તેમની મમ્મીના પગલે પગલે ચાલીને અને એથી આગળ વધીને એમ કહીએ તો મમ્મીથી પણ વધુ પ્રગતિ કરીને મમ્મીનું ક્ષેત્ર બોલીવુડને પાર કરી હોલીવુડમાં પોતાની પ્રતિભા ઝળકાવવા કટિબધ્ધ થયો છે.

હાલ કેલીફોર્નિયામાં રહેતા નિતેશનું એસએસસી મરીન લાઈન્સ સ્થિત બ્લોસમ સ્કૂલમાંથી ૮૪ ટકા મેળવી પાસ કરેલ. જ્યારે ગ્રેજ્યુએશન કોર્મસ ફેકલ્ટીમાંથી એચ.આર.કોલેજમાંથી ત્યારબાદ હોલીવુડની Gnomon School of Visual Effects (ગ્નોમન સ્કૂલ ઓફ વિઝુયલ ઈફેક્ટસ)માં બે વર્ષ માસ્ટર અભ્યાસક્રમ કર્યો. સાથે સાથે કોલેજમાં ભણતા પ્રોજેક્ટ સાઈન કરી તે કારકિર્દી આગળ વધારતો ગયો. આ પ્રોજેક્ટોને લીધે તેને ઈન્ટરશીપ કરવાની જરૂર ન પડી અને ડાયરેક્ટ કાંમાં જોબ લાગ્યો. આ કાં માંથી હોલીવુડના મશહુર ડાયરેક્ટર Steven Spielberg ની ટીમ સાથે મૂવી બનાવવાનો પ્રોજેક્ટ મળ્યું. આ પ્રથમ મૂવી 'Ready One' અત્યંત સફળ થઈ. નાનપણમાં નિતેશને ડ્રોઈંગ આર્ટ વર્ક કરવાનો શોખ હતો. પેન્સિલ કે પેનથી કાર્ટુન બનાવતો, ડ્રોઈંગ કરતો ત્યારપછી સાતમા કે આઠમા ધોરણમાં આવ્યો ત્યારે મમ્મી વીણાબેન નાગડાએ કોમ્પ્યુટર લઈ આપ્યું. ત્યાર પછી કોમ્પ્યુટર પર ઈન્ટરનેટ પરથી પોતાની મેળે જ સર્ચ કરીને કાર્ટુન, શોર્ટ ફિલ્મ બનાવતો થયો.

શાળાના અભ્યાસ દરમ્યાન ડ્રોઈંગને કાર્ટુન સ્પર્ધામાં ભાગ લેતો. આર્ટ શીખવાના ક્યારે ક્લાસ નથી કર્યા. બધું પોતાની મેળે શીખી સમજીને માસ્ટરી મેળવી છે. ટાઈટન કાંની એક સ્પર્ધામાં ભાગ લઈ દોઢ લાખ જેટલા વિદ્યાર્થીઓમાંથી દ્વિતીય પ્રાઈઝ મેળવ્યું હતું. Steven Spielberg નો એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ 'Ready Player' હાલમાં પૂરો થયો અને તે સંભવત Oscar માટે નોમિનેટ થઈ શકે છે. જેમાં VAD આર્ટિસ્ટ તરીકે તેણે જવાબદારી વહન કરી છે. મોડલીંગ, લાઈટીંગ અને લૂક ડેવલપમેન્ટ આર્ટિસ્ટ તરીકે તેણે પ્રતિભા જમાવી છે. આ હજુ શરૂઆત છે. આગળ વિશાળ આસમાન તેને માટે ખૂલ્લું છે.


**જ્ઞાતિમૈયા માટે બોલીવુડ મહેંદી કવીન વીણા નાગડાના પ્રતિભાવો**



# સંજીવની કેસ નં.૩૧ માટે રૂા.૧.૪૦ લાખની સહાયર્થે ટહેલ




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના જેમાં અણધારી રીતે આપતિમાં મૂકાઈ જતાં જ્ઞાતિજનો માટે એક ઉત્તમ હેલ્પીંગ હેન્ડ પ્રદાન કરે છે. આ વખતે કચ્છ લાલા હાલે ઘાટકોપરના ૫૯ વર્ષીય સરલાબેન મૂલચંદ લોડાયાએ રૂા.૧.૪૦ લાખ મેડિકલની સારવાર જરૂરત માટે અરજી કરી છે.

તેઓને બ્લડ કેન્સરનું નિદાન થયું છે. રોજગારથી નિવૃત પતિ સાથે રહેતા સરલાબેનને ૬ વખતની કેમોથેરેપી માટે રૂા.૧.૬૫ લાખની મદદ કેસ નં.૨૪ અંતર્ગત અપાઈ છે. આ વખતે વધુ ૬ ટાઈમ કેમોથેરેપીની જરૂરિયાત હોતા મેડિકલ સમિતિ પાસે ફરી અરજી કરી છે.

માતૃશક્તિની ભક્તિના પર્વની ઉજવણી હાલમાં થઈ રહી છે. એનો અનુસંધાન કરી આપણે ઉમદા કાર્યના ભાગીદાર બની અને અસહાય જરૂરતમંદ વડીલના હામી બનીએ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કરીએ એ આજના સમયની માગ છે. તેઓની આશા ભરી અરજી આપણે વહેલી તકે પૂરી કરીએ એ માટે ઉદાર વલણ સૌ રાખશે એવી આશા.

# જ્ઞાતિમાં દિવ્યાંગો માટેના આયોજનને મળી રહેલો અદ્‌ભુત સપોર્ટ







શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ચતુર્થ સંમેલનમાં નક્કી થયા પ્રમાણે તુરંત દિવ્યાંગો બાબતે યોગ્ય વૈયાવચ્ચ અને નિભાવ માટેની વ્યવસ્થા કરવામાં આવી આ વ્યવસ્થા વ્યવસ્થિત અને લાંબા ગાળા સુધી ચાલી રહે તે માટે દિવ્યાંગ સમિતિનું ઘટન પણ કરવામાં આવ્યું અને આ સમિતિએ સમયે સમયે વિવિધ કાર્યક્રમો, વેબિનારોનું આયોજન કરી દિવ્યાંગ કુટુંબીજનો તેમજ દિવ્યાંગ ભાઈ-બહેનોને સહાય પહોંચાડવાનું કાર્ય ચાલુ જ રાખ્યું છે.

આ વિવિધ યોજનાઓથી પ્રેરિત થઈ જ્ઞાતિજનોએ આર્થિક તેમજ દ્રવ્ય સહાય અવિરત ચાલુ જ રાખી છે અને દિવસે ને દિવસે નવા આશ્રયદાતાને નમન ઉદારતા એ માનવ સમાજ માટે એક આદર્શરૂપ - સ્વૈચ્છિક અને બુદ્ધિગમ્ય સભ્યતાથી એકબીજા પ્રત્યે અનુકંપા દાખવી તેઓને મદદરૂપ બની રહેવું તે જ સમાજ પ્રત્યે પોતાની ફરજ બજાવી રહ્યા છે અને મહાજને આદરેલા આ ભગીરથ કાર્યને પ્રોત્સાહન આપી રહ્યા છે.

**નીનાબેન શામજી લોડાયા (મસ્જીદ બંદર)નો દિવ્યાંગો માટે સેલ્ફ રીસ્પેક્ટ અને મોટીવેશનલ સંદેશ સાંભળવા માટે બાજુમાં ક્લીક કરો**



# જ્ઞાતિમાં દિવ્યાંગો માટેના આયોજનને મળી રહેલો અદ્‌ભુત સપોર્ટ







અગર જો આપ દિવ્યાંગ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદરૂપ થવા ઈચ્છતા હો તો આપ આ સમિતિ દિવ્યાંગ પાલક - દિવ્યાંગ શક્તિની સ્કીમમાં જોડાઈ શકો છો અને એક માનવ કાર્યમાં મદદરૂપ થઈ શકો છો.

નવરાત્રી દરમ્યાન દિવ્યાંગ સમિતિમાં ડોનરોમાં સતત વધારો થઈ રહ્યો છે આ અઠવાડિયે મુખ્ય ડોનરોનું લીસ્ટ અને વીગત આ સાથે આપેલ છે અને દિવ્યાંગ સમિતિ આ દાતાઓની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.




**જ્ઞાતિમૈયા માં**
**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org
**અથવા વોટ્સએપ પર મોકલો**
**9769991922**
**9820302853**
**9322257731**

# શ્રી કેતનભાઈ નાગડાની ગુજરાતી સમાજ પ્રાદેશિક મહામંડળમાં વરણી



શ્રી ગુજરાતી સમાજ નાંદેડ અને શ્રી ગુજરાતી શિક્ષણ સંસ્થા નાંદેડના અધ્યક્ષ શ્રી કેતનભાઈ નાગડાની શ્રી ગુજરાતી સમાજ પ્રાદેશિક મહામંડળ, મહારાષ્ટ્ર રાજ્યની કાર્યકારી મંડળમાં કારોબારી સદસ્ય તરીકે ૫ વર્ષ માટે વરણી થયેલ છે.

# તેરા તીર્થે કારતક માસે ત્રિહાન્કિા મહોત્સવનું આયોજન



અબડાસા પંથકના ઐતિહાસિક નગર તેરા તીર્થે જિનશાસન શિરોમણિ, તપપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની અને સ્થાનિક ગામના પરમ ઉપકારી સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા શાસન પ્રભાવિકા પ.પૂ.વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા મિતભાષી, પ.પૂ.વિશ્વપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.શ્રી કોમલગિરાશ્રીજી મ.સા. તથા પ.પૂ.શ્રી સિધ્ધગિરાશ્રઈજી મ.સા.ના ચાતુર્માસ પૂર્ણાહુતિએ કારતક સુદ ૧૩ શુક્રવાર તા.૨૭ નવેમ્બર ૨૦૨૦ થી કારતક સુદ પુનમ રવિવાર તા.૨૯ નવેમ્બર સુધી ત્રિહાન્કિા મહોત્સવનું ભવ્ય આયોજન રાખવામાં આવેલ છે.

કાર્યક્રમ સૂચિ પ્રમાણે શુક્રવાર તા.૨૭ નવેમ્બર પ્રથમ દિને શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂષ્પ પૂજા અનુષ્ઠાન, દ્વિતીય દિવસ શનિવાર તા.૨૮ નવેમ્બર રોજે શ્રી પાર્શ્વનાથ મહાપ્રભાવના સ્ત્રોત સહિત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના અખંડધારાએ અભિષેક અને રાત્રે મહાકાલી માતાજીની ભાવના તથા દ્વિતીય દિવસ તા.૨૯ નવેમ્બર રવિવાર દિને ચાતુર્માસ પુર્ણાવતીએ વ્યાખ્યાન ત્યારબાદ શ્રી સિધ્ધાચલના ૧૦૮ ખમાસણા, સમૂહ સ્નાત્ર પૂજા. ત્રણેય દિવસના કાર્યક્રમનો સમય સવારના ૯.૩૦થી શરૂ થશે. અખંડ ધારાએ અભિષેક કરાવવા માટે ખાસ અમદાવાદથી વિધિકાર દિનેશભાઈ બી. ગાંધી પધારશે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ હાલ સમય સંજોગ અનુસાર તકેદારીપૂર્વક પધારવા શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધુફી ગામવાસીઓ તેમજ ભાવિકાજનોને ભાવભર્યું આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તેરા તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ દ્વારા અપાયું છે.

# શ્રી કોઠારા મુકામે ચામુંડા માતાજીનો ધ્વજા મહોત્સવ

કોઠારા મુકામે શ્રી ચામુંડા માતાજીની ધ્વજા મહોત્સવ કારતક સુદ ચૌદસને રવિવાર તા. ૨૯ નવેમ્બર ૨૦૨૦ના રોજ મૈશેરી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવશે.

# મોમાઈ માતાજીના ભુઆશ્રીની ગન્ધી બદલવાનો કાર્યક્રમ

મોમાઈ માતાજીના ભુઆશ્રીની ગન્ધી બદલવાનો તેમજ માતાજીના ચક્ષુ રોપણનો કાર્યક્રમ સોમવાર તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦ના યોજાશે. દાતાશ્રી ચિ. રોનક વિનય શિવજી મોમાયા હ. મીનાબેન વિનય મોમાયા.

# માનવજ્યોત ભવાનીપુર કોલકતામાં સેવા કાર્ય

માનવજ્યોત ભવાનીપુર દ્વારા દાતા પરિવાર શાંતિલાલ સંઘવીના સહકારથી રક્તદાન શિબિરનુંઆયોજન થયું હતું. જેમાં લાલકા પરિવારના સમીરભાઈ, ડિમ્પલબેન અને કુશલ લાલકાએ અન્ય સહયોગીઓના સથવારે શિબિરને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પ્રશસ્તી પત્રની કેલીગ્રાફી વેદિકા લાલકાએ તૈયાર કરી હતી.

માનવજ્યોત ભવાનીપુર-કોલકાતા દ્વારા સતત સેવા કાર્ય કરવામાં આવી રહ્યા છે.

# જીવન ઘટમાળ

**• જન્મ નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૮.૨૦૨૦ | ભારાપાર (છતી) | ઈચ્છિત પ્રિતિ યશવંત છેડા | વરાડીયા | |
| | | ઈશ પ્રિતિ યશવંત છેડા (ટ્વીન્સ) | | |

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૦.૨૦૨૦ | નાગપુર | નિલય નીતિન મણિલાલ લોડાયા | સાંયરા | ૨૯ |
| | કુચના | રક્ષા નરેન્દ્ર ગોવિંદજી મૈશેરી | જખૌ | ૨૬ |
| ૧૭.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | સાગર નીતિન કુંવરજી મોતા | રાપર ગઢવારી | ૩૧ |
| | ડોમ્બીવલી | અનિતા મણિકાંત પદમશી લોડાયા | કોઠારા | ૩૨ |
| ૧૭.૧૦.૨૦૨૦ | સાન્તાક્રુઝ | નયન દિનેશ કુંવરજી ધરમશી | રંગપુર | ૨૯ |
| | ડોમ્બીવલી | તન્વી રસિક ધનજી લાપસિયા | દલતુંગી | ૨૪ |
| ૧૮.૧૦.૨૦૨૦ | ગદગ | અનુજ શરદ રાયચંદ લોડાયા | સાંયરા | ૨૮ |
| | ભાંડુપ | શ્વેતા ગિરીશ શિવજી મૈશેરી | નાની સિંધોડી | ૨૫ |
| ૧૮.૧૦.૨૦૨૦ | નાશિક | ચિરાગ ઈશ્વર શામજી લાપસિયા | સુથરી | ૨૫ |
| | ડોમ્બીવલી | ભૂમિ પરેશ પદમશી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| ૧૮.૧૦.૨૦૨૦ | જલગામ (મહા.) | ધવલ ગીરિશ પોલડિયા | ગોએરસમા | ૩૦ |
| | રાયપુર (છ.ગ.) | સેજલ વિજય શિવજી લોડાયા | કચ્છ મોટી સિંધોડી | ૨૬ |
| ૧૯.૧૦.૨૦૨૦ | મુલુંડ | ડો. યશ જયંત વસનજી છેડા | નલિયા | ૩૦ |
| | ચાલીસગામ | બીજલ જિતેન્દ્ર શિવજી લોડાયા (રતાણી) | તેરા | ૨૯ |

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૦.૨૦૨૦ | ચેમ્બુર | પ્રિયંક શશીકાંત હીરજી ગણાત્રા | અંજાર | ૩૪ |
| | મુલુંડ | નેહા હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૩૫ |
| ૧૮.૧૦.૨૦૨૦ | કાંજુરમાર્ગ | કેવલ અભય દામજી ધરમશી | જખૌ | ૨૭ |
| | કલ્યાણ | માનસી જયંત ખાનજોડે | ચંદ્રપુર | ૨૭ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ તાલુકાના ખાવડા ગામમાં છેલ્લા છ માસથી સ્વચ્છ અને સુંદર બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે. જે અંગે એક બેઠક છ માસિક સમીક્ષા માટે પંચાયત કચેરી ખાતે મળી હતી. આ અભિયાન થકી સમગ્ર ગામ ચોખ્ખું ચણક થતાં આનંદ વ્યક્ત કરાયો હતો. આ અગાઉ ગામમાં ક્યારે સફાઈ અભિયાન શરૂ નહોતું થયું. પણ હવે છ માસ પછી ખાવડા ગામની ચોખ્ખાઈ સ્પષ્ટ નજરે ચડે છે. વરસાદ વખતે ગામના અમુક વિસ્તારમાં તો પગ રાખવામાં પણ તકલીફ પડતી હતી પણ સફાઈ અભિયાન શરૂ થતાં જૂનો કચરો અને ધૂળ સાફ થતાં હવે રોડ પણ સ્વચ્છ દેખાય છે. ગ્રામ પંચાયત, સ્થાનિકની સોલારીસ કેમી.. લિમીટેડના સામાજિક જવાબદારી વિભાગ તથા સ્થાનિક જાગૃત નાગરિકોની પહેલથી સ્વચ્છ ખાવડા, સુંદર ખાવડા સૂત્ર સાર્થક થઈ રહ્યું છે.

● કચ્છના સાંસ્કૃતિક વારસાને ટપાલ ટિકિટ પર સ્થાન મળ્યું છે. લોક સંગીત વાદ્ય સુરાન્દોની પાંચ રૂપિયાની બે ટિકિટ જેમાં એકમાં સંગીત વાદ્ય સુરાન્દો અને બીજી ટિકિટમાં સુરાન્દો વગાડતો લોકગાયક દર્શાવાયો છે. દરેક ટિકિટ પાંચ લાખની સંખ્યામાં બહાર પાડવામાં આવી છે. તેના ફર્સ્ટ ડે કવર પણ બહાર પડાયા છે. અત્યાર સુધી કચ્છ વિષેયક પોસ્ટલ સ્ટોપ ઉપર, કચ્છ મ્યુઝિમ, શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છી એમ્બ્રોઈડરી, ઘુડખર, હેન્ડી ક્રાફ્ટ, પંડિત દીનદયાલ પોર્ટ કંડલા જેવા વિષયો આવરી લેવાયા છે.

● કોરોનાના શરૂઆતના સમયે અચાનક લોકડાઉન જાહેર થતાં વ્યાપારી વિસ્તાર ભાત બજાર-મસ્જિદ બંદરના રહેવાસીઓ રેશન ચીજ વસ્તુઓથી વંચિત હતા. આ વિસ્તારમાં કોરોના પોઝિટીવ હોવા છતાં ૭૮ વર્ષ જૂની દુકાન ઈ.એચ.કાચવાળા જેની સ્થાપના મોરારજી કેશવજી કેનિયા બારોઈવાળાએ કરી હતી. જે આજે ચોથી પેઢી સંભાળે છે. એવા કેકીનભાઈ કેનિયાએ દુકાનના મજૂરો જતાં રહ્યા છતાં પોતાના ઘરના સભ્યોને પેકીંગ માટે, ડિલેવરી માટે લગાવ્યા. સાંજે ૫ થી ૯ ઓર્ડર લઈ તેમને માલ આપતા. જેમના ઘરે માત્ર વડીલો હોય તેમને ઘર પહોંચ પહોંચાડતા. ગ્રાહકોને લાઈનમાં શિસ્તમાં રાખવા મસ્જિદબંદર રહેવાસી સંઘ અને મહારાષ્ટ્રીયન મંડળના ભાઈઓ અને પાયધૂની પોલીસની મદદ મળી હતી.

● વર્ષોથી ચાલતી આવતી નાગર જ્ઞાતિની પરંપરા જાળવી વડનગરા નાગર મહિલા મંડળ ભુજ એ દિવસો તાપી  સાતમ, ત્રીજ અને કાજળી આ ચારેય ઉત્સવોની ઓનલાઈન ઊજવણી કરી હતી. ગરબા હાઉઝીમાં ૧૩૦ બહેનો, ત્રીજના ગરબા ગાવાની ઓનલાઈન સ્પર્ધામાં ૪૬ બહેનો અને કાજળીના દિવસે અંતાક્ષરીમાં ૩૬ બહેનો ભાગ લીધો. કે સ્પર્ધામાં વિજેતાઓ જાહેર કરી ઈનામો અપાયા હતા. પ્રવર્તમાન કપરા સંજોગોને ભૂલીને ભુજ તેમજ બહારગામથી જ્ઞાતિ બહેનો ઉત્સાહથી આનંદ લીધો હતો.

● વરસાદી માહોલમાં વીજ કરંટ લાગવાને લીધે અકસ્માતના બનાવો બનતા હોય છે. ત્યારે વીજ શોકથી પશુઓ તેમજ નાના બાળકોને, રાહદારીઓને બચાવવા માનકૂવાના વીજ કર્મચારી હકુભા પઢિયારે કોઠાસૂઝથી પીવીસી પાઈપનો ઉપયોગ કરી વીજ થાંભલાને કવર કરવાનો પ્રયોગ કર્યો. આ કાય ર્ગત વર્ષથી શરૂ કરી કામગીરીના ફોટો વિડીયો મોબાઈલ માધ્યમથી ફેલાતા અનેક જગાએ તેમના કામથી પ્રેરણા મેળવી અન્ય વિસ્તારમાં પણ આ કાર્ય થયું. આ કાર્ય હકુભાએ માનવીય ધોરણે અને ડ્યુટીના સમય સિવાય ફાજલ સમયનો સદ્પયોગ કરીને સ્વફાળો ઉપરાંત સાથે ગ્રામજનો અને મિત્રવર્તુળની આર્થિક મદદ કર્યુ.

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

શ્રી શંત્રુજ્ય તીર્થ પાલિતાણામાં આદિનાથ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે. જ્યાં પૂ.સાધ્વીજી ભગવંત/સાધુ ભગવંત આદિ સાથે બીજા વ્યક્તિઓનું પણ ઉપચાર થશે. આનું સંચાલન ‘વર્ધમાન જિનેશ્વર સેવા ટ્રસ્ટ’ દ્વારા થઈ રહ્યું છે. જેમાં બાહ્ય રોગી વિભાગ (O.P.D.) ના લાભાર્થી પરિવાર સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા-પરિવાર (નલિયા-સિહોર) હસ્તે. સૌ. રશ્મિ જૈન-અમદાવાદ અને સૌ. પ્રિતી યશવંત છેડા (ભાટાપારા) એ પ.પૂ.સાધ્વીજી ગણ શશીપ્રભાજી મા.સા., સમ્યકદર્શનાશ્રીજી મા.સા. અને શ્રી કનકપ્રભાશ્રીજી મા.સા.ની પ્રેરણાથી રૂા.૧૧,00,000/- (એક રૂ. અગીયાર લાખ)નું લાભ લીધેલ છે.

આ પરિવાર સહાય ધર્મ, સમાજ અને સેવાકાર્યમાં અગ્રણી રહે શુભકામનાઓ સહિત આભાર.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



અશોક વાડીલાલ ધરમશી
તા.૨૩ ઓક્ટો. (ઉ.૬૩)
ભરૂડીયા-ડોંબિવલી (પૂ.)



ચિંતન કિરીટ મોમાયા
તા.૧૮ ઓક્ટો. (ઉ.૨૪)
બારોઈ-જલગામ



જયાબાઈ મુલચંદ લોડાયા
તા.૨૩ ઓક્ટો. (ઉ.૭૨)
બલિયા-મુલુંડ (પ.)



તક્ષશીલા મેઘજી ધરમશી
તા.૨૩ ઓક્ટો. (ઉ.૭૨)
ગોરખડી-તાડદેવ



સુમનલાલ જીવરાજ અજાણી
તા.૨૩ ઓક્ટો. (ઉ.૭૧)
ઐરોલી-નવી મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL